**જીલ્લા અદાલત સાબરકાંઠા,હિંમતનગર ખાતે નવીન ડિસ્ટ્રીકટ કોર્ટ,સંકુલમાં કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ અંગેની શરતો તથા અરજીપત્રક**

**અરજી પત્રક :-**

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | બિડર/કોન્ટ્રાકટર/પેઢી/એજન્સીનું નામ અને સરનામું (સંપર્ક માટેની વિગતો સાથે) | |
| | નામ | |
| | સરનામું (હાલનું તથા કાયમી સરનામું આધાર પુરાવા સાથે ) | |
| | મોબાઈલ નંબર | |
| | ઈ-મેલ આઈ.ડી. | |
| | વેબસાઈડ( જો હોય તો) | |
| ૨ | બિડર/કોન્ટ્રાકટર/પેઢી/એજન્સીની સ્થાપનાની તારીખ અને વર્ષ (દસ્તાવેજી પુરાવો સામેલ રાખવો) | |
| ૩ | રજીસ્ટ્રેશન /લાયસન્સ નંબર (લાયસન્સની નકલ સામેલ રાખવી) | |
| | FSSAI લાયસન્સ નંબર (લાયસન્સની નકલ સામેલ રાખવી) | |
| | GST નોંધણી (જો લાગુ પડે) | |
| | PAN કાર્ડ | |
| | આધાર કાર્ડ/ચુંટણી કાર્ડ (પુરાવો સામેલ રાખવો) | |
| | અન્ય ખાદ્ય પદાથો અંગેના લાયસન્સ (લાયસન્સની નકલ સામેલ રાખવી) | |
| | | |
| ૪ | સાબરકાંઠા-હિંમતનગર ખાતે બિડર/કોન્ટ્રાકટર/પેઢી/એજન્સી ની ઓફિસનું સરનામું (પુરાવો રજુ કરવો) | |
| ૫ | કેન્ટીન અંગેનો અનુભવ (દસ્તાવેજી પુરાવા સાથે રજુ કરવો) | |
| ૬ | હાલના ચાલુ કોન્ટ્રાકટની વિગતો (દસ્તાવેજી નકલ સામેલ રાખવી) | |
| ૭ | કેટરીનનો અનુભવ (જો હોય તો) | |
| ૮ | આ ક્ષેત્રમાં વધારાની લાયકાત અથવા નિપુણતા જો હોય તો (દસ્તાવેજોની નકલ સામેલ રાખવી) | |

સ્થળ:-
તારીખ:-
ટેન્ડર ભરનારનું નામ:-

ટેન્ડર ભરનારની સહી....................
સીકકો
એજન્સીનું નામ.

પાત્રતાના માપદંડ ( ELIGIBILITY CRITERIA)

જે બિડર/કોન્ટ્રાકટર/પેઢી/એજન્સી નીચે મુજબની લાયકાતો ધરાવતો હશે તેઓ જ ટેન્ડરીંગ/બિડિંગ માટે પાત્ર ગણાશે.

૧. બિડર/કોન્ટ્રાકટર પાસે કેન્ટીન ચલાવવા અથવા કેટરિંગ સેવા પુરી પાડવા માટેનું માન્ય ફુડ/ટ્રેડ લાયસન્સ (Food/Trade License) હોવું જોઇએ.

૨. બિડર/કોન્ટ્રકટર પાસે કેન્ટીન ચલાવવાનો અથવા કેટરિંગ સેવા પુરી પાડવાનો ઓછામાં ઓછો ૦૩(ત્રણ)વર્ષનો અનુભવ હોવો જોઈએ (પુરાવો રજુ કરવાનો રહેશે.)

૩. બિડર/કોન્ટ્રાકટરની ઓછામાં ઓછી એક ઓફિસ/શાખા સાબરકાંઠા હિંમતનગર ખાતે હોવી જોઈએ. બિડર/એજન્સી પાસે સદર ઓફિસ/શાખામાં સક્ષમ સ્ટાફ તૈનાત હોવો જોઈએ.(સરકારશ્રીના નિયમમો મુજબનો)

૪. બિડર/કોન્ટ્રાકટરે રૂા.૫૦૦/- ની ટેન્ડર ફિ ભરેલી હોવી જોઈએ (પુરાવો રજુ કરવાનો રહેશે.)

૫. જરૂરી દસ્તાવેજો પૂર્ણ ન હોય તો ડેન્ડર નામંજુર કરવામાં આવશે.

૬. ટેકિનકલ અને લાયક બિડરોની જ બિડ ધ્યાને લેવામાં આવશે.

કેન્ટીન અંગેની શરતો અને નિયમો ( Terms and Conditions for Running Canteen)

બિડનું મુલ્યાંકન ( Evaluation of Bids )

૧. ટેન્ડરના જવાબમાં મળેલ ઓફર્સની ચકાસણી કેન્ટીન સમિતિ,ડિસ્ટ્રીકટ કોર્ટ,સાબરકાંઠા દ્વારા કરવામાં આવશે.

૨. કેન્ટીન સમિતિના અભિપ્રાય મુજબ, જો બિડર/એજન્સી વ્યાજબી ભાવે સારી ગુણવતાવાળી ખાદ્યસામગ્રી ની શ્રેષ્ઠ સેવાઓ આપવાની સ્થિતિમાં હશે, તેની ઓફર સ્વીકારવામાં આવશે, કેન્ટીન સમિતિનો નિર્ણય આખરી રહેશે.

૩. મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા રજિસ્ટર્ડ નોન-ગર્વમેન્ટલ ઓર્ગેનાઈઝેશન ("NGO") અથવા મહિલા સ્વ-સહાય જુથો ( Self Help Groups) ને કોન્ટ્રાકટ આપવા માટે પ્રાધાન્ય આપવામાં આવશે.

સિકયોરિટી ડિપોઝિટ અને લાયસન્સ ફી (Security Deposit and License Fees: )

૪. સિકયોરિટી ડિપોઝિટની રકમ રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) રહેશે. સફર બિડર/ લાયસન્સીએ કોન્ટ્રાકટ મળ્યાના ૭ દિવસની અંદર નાઝીર શાખા,ડિસ્ટ્રીકટ કોર્ટ,સાબરકાંઠા,હિંમતનગર ખાતે આ રકમ જમા કરાવવાની રહેશે.

૫. બિડર/કોન્ટ્રાકટરે માસિક લાયસન્સ ફિ રૂા.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) નાઝીર શાખા, ડિસ્ટ્રીકટ કોર્ટ,સાબરકાંઠા,હિંમતનગર ખાતે ચુકવવાની રહેશે. વધુમાં,માસિક લાયસન્સ ફિ અને અન્ય શરતોની સમીક્ષા માનનીય નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાત દ્વારા દર ૩ વર્ષ કરવામાં આવશે(જો જરૂર હોય તો).

૬. માસિક લાયસન્સ ફિ અગાઉથી એટલે કે દર કેલેન્ડર મહિનાની ૦૫મી તારીખે કે તે પહેલા ચૂકવવાની રહેશે. જો નિયત તારીખથી ૬૦ દિવસ સુધી ફી બાકી રહેશે તો ડિસ્ટ્રીકટ કોર્ટ,સાબરકાંઠા એ કોઈ અગાઉથી નોટિસ આપ્યા વિના કરાર રદ કરવાનો અને ડિપોઝિટ જપ્ત કરવાનો અધિકાર રહેશે.

કરારનો સમયગાળો અને રિન્યુઅલ ( Period of Agreement and Renewal)

૭. કરારનો સમયગાળો કરારની તારીખથી ૧૧ મહિના માટેનો રહેશે.

૮. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,સાબરકાંઠા પાસે કરાર પૂર્ણ થાય તે પહેલાં,સમાન શરતો પર વધુ ૧૧ મહિના માટે કરાર રિન્યુ કરવાનો વિવેકાધીન અધિકાર રહેશે.

**ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓનો ઉપયોગ,જાળવણી અને પેટા–ભાડા વિગેરે...(Use of Infrastructure Facilities, their Maintenance, Sub-Letting, etc.:)**

૯. કોન્ટ્રાકટરને કેન્ટીન પરિસર ઉપલબ્ધ ફર્નિચર / ફિક્સ્ચર (furniture/fixture) સાથે આપવામાં આવશે. કોન્ટ્રાકટરે કોઈ પણ સામાન કે ફર્નિચર બહાર લઈ જઈ શકશે નહિ. પરિસર અને ફર્નિચરની જાળવણીની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૦. સંબંધિત કેન્ટીન સમિતિ/પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,સાબરકાંઠાની પૂર્વ મંજૂરી વિના કોન્ટ્રાકટર કેન્ટીન પરિસરમાં કોઈ કાયમી બાંધકામ કે ફેરફાર કરી શકશે નહિ.

૧૧. કોન્ટ્રાકટર કેન્ટીન પરીસર અન્ય કોઈને ભાડે (Sublet) આપી શકશે નહી. અથવા તેનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી.જો કોઈ ગેરરીતી,ગેરકાયદેસર કે નિયમો વિરૂધ્ધ જણાશે તો સદરહું કોન્ટ્રાકટ કોઈ પણ સમયે રદ કરવાનો અધિકાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,સાબરકાંઠાનો રહેશે અને આ બાબતે કોન્ટ્રાકટરની કોઈ અરજ ધ્યાને લેવામાં આવશે નહી.

૧૨. વીજળી બિલની નિયમિત ચુકવણી કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તેની પહોંચની નકલ નાઝીર શાખામાં જમા કરાવવાની રહેશે. વિજળી,પાણી અને અન્ય સરકારી નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

૧૩. કોન્ટ્રાકટરે સમગ્ર કેન્ટીન પરિસર પોતાના ખર્ચે એકદમ સ્વચ્છ રાખવાનું રહેશે. દૈનિક ધોરણે કોર્ટના સમય પહેલા અને પછી કચરાનો નિકાલ કરવાનો રહેશે.

સેવાની ખાસ શરતો **(Special Conditions of service:)**

૧૪. કેન્ટીન ચલાવવા માટે જરૂરી તમામ તાજી અને ગુણવતાયુકત ખાદ્યસામાગ્રી કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે મેળવવાની રહેશે.

૧૫. કેન્ટીન સમિતિ ધ્વારા મંજુર કરાયેલા દર અને જથ્થા મુજબ જ સારી ગુણવતાવાળી વાનગીઓ,ચા,કોફી વેગેરે પીરસવાના રહેશે. ખાધપદાર્થો અને તેના દરનું લિસ્ટ કેન્ટીનમાં મુખ્ય જગ્યાએ પ્રદર્શિત કરવાનું રહેશે.તમામ ખાદ્યપદાર્થો સ્વચ્છ,તાજા અને FSSAI ના નિયમો મુજબના હોવા જોઈએ.તેમજ જીલ્લા અદાલતની પૂર્વ મંજુરી વિના કોઈપણ ખાદ્ય વસ્તુના ભાવમાં વધારો કરી શકાશે નહી.

૧૬. કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે સારી ગુણવતાના વાસણો અને ક્રોકરી રાખવાના રહેશે અને તેને સ્વચ્છ તથા હાઈજેનિક રાખવાના રહેશે.

૧૭. વાનગીઓ બનાવવા માટે માત્ર શુધ્ધ સીંગતેલ(ગુલાબ/અંકૂર/ધારા બ્રાન્ડ) અને શુધ્ધ ઘી(અમૂલ બ્રાન્ડ) (તેમજ ચીઝ તથા બટર અમુલ બ્રાન્ડ)નો જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાય આખા મસાલા દળીને અથવા એવરેસ્ટ/એમડીએચ/રામદેવ/સ્પાયરન બ્રાન્ડના તૈયાર મસાલા વાપરી શકાશે.

૧૮. કોન્ટ્રાકટરે ખોરાક અત્યંત હાઈજેનિક સ્થિતિમાં તૈયાર થાય અને પીરસાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સ્ટાફે પીરસતી વખતે ગ્લોવ્ઝ (Hand glover) અને હેડ માસ્ક (Head Mask)પહેરવાના રહેશે. વાસી ખોરાક વેચી શકાશે નહી.

૧૯. ખાધપદાર્થો ઢાંકેલા રહે અને માખી–જીવજંતુઓથી મુકત રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.પુરતી સંખ્યામાં ડસ્ટબિન રાખવાના રહેશે વપરાયેલા કપ/પ્લેટ ખુલ્લામાં ન પડે રહે તેની કાળજી લેવી. તેમજ કચરાનો વિવિધ વર્ગ પ્રમાણે(ભીનો કચરો,શુકો કચરો,વિગેરે...)જુદો જુદો નિકાલ કરવાનો રહેશે.પ્લાસ્ટિકના પ્રતિબંધિત ઉત્પાદનોનો ઉપયોગ કરવો નહી.

૨૦. વધેલા ખોરાકનો યોગ્ય નિકાલ કરવાનો રહેશે. ગટરમાં ખોરાક નાખવો નહી. જેથી ગટર બ્લોક ન થાય. આ બાબતે બેદરકારી સાંખી લેવામાં આવશે નહિ.

૨૧. કાયદા દ્વારા પ્રતિબંધિત હોય અથવા આરોગ્ય માટે હાનિકારક હોય તેવી વસ્તુઓ (જેમ કે બીડી,સિગારેટ,ગુટખા,નશીલા પદાથ,વિગેરે)વેચી કે રાખી શકાશે નહી જો સદરહું બાબતનો ભંગ જણાશે તો કોન્ટ્રાકટ/એજન્સી ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૨૨. બાટલા (LPG Cylinders) સિવાય કોઈ વિસ્ફોટક કે ખતરનાક વસ્તુઓ રાખવી નહિ.

૨૩. ચેપી રોગ ધરાવતા અથવા ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને નોકરી પર રાખવા નહીં. કેન્ટીનનો ઉપયોગ નાઈટ સ્ટે (રાત્રી રોકાણ)કે રહેવા માટે કરી શકાશે નહી.

૨૪. કોર્ટ કર્મચારીઓ,વકિલો અને મુલાકાતીઓ સાથે કોન્ટ્રાકટર અને સ્ટાફનું વર્તન નમ્ર અને સહકારપૂર્ણ હોવું જોઈએ.

૨૫. સ્ટાફને આઈડી કાર્ડ અને યુનિફોર્મ કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે આપવાના રહેશે.કેન્ટીનમાં કામ કરતા તમામ કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન અને જરૂરી ઓળખપત્ર રાખવાના રહેશે.

૨૬. કોર્ટના તમામ કામકાજના દિવસોમાં સેવાઓ આપવાની રહેશે. કોર્ટ બંધ થયા પછી રોકાવવાની પરવાનગી રહેશે નહી. રવિવાર,જાહેર રજાઓ અને બંધ શનિવારે કેન્ટીન બંધ રહેશે.

૨૭. કુદરતી આપતિ કે કોન્ટ્રાકટરની ભુલના કારણે થયેલા નુકશાન માટે ડિસ્ટ્રીકટ કોર્ટ જવાબદાર રહેશે નહી.

## સંબંધિત કાયદાઓનું પાલન **(Compliance of relevant Statutes/laws/Rules:)**

૨૮. મ્યુનિસિપલ નિયમો/સરકારી ઠરાવો/નિયમો અને કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૯. કર્મચારીઓનું મહેનતાણું પ્રવર્તમાન કાયદા મુજબ હોવું જોઈએ. બાળ મજુરોને કામે રાખવા નહિં અને શ્રમ કાયદાનું પાલન કરવું.

૩૦. પ્રવર્તમાન નિયમો મુજબ ફાયર સેફટી સિસ્ટમ/ફાયર એક્સિટંગ્વિશર(Fire Safety System/Fire Extinguishers ) પોતાના ખર્ચે લગાવવાના રહેશે.

## સમયાંતરે નિરીક્ષણ ,પેનલ્ટી અને કોન્ટ્રાકટ રદ કરવો **(Periodic Inspection, Penalty & Termination of contract etc.:)**

૩૧. કેન્ટીન સમિતિ અથવા નિયુકત અધિકારી ધ્વારા સમયાંતરે નિરીક્ષણ કરવામાં આવશે.

૩૨. શરતોના ભંગ બદલ કેન્ટીન સમિતિ ધ્વારા દંડ (Penalty) કરવામાં આવશે.વારંવાર ભંગ કરવા બદલ કોન્ટ્રાકટ રદ થશે અને ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે.

૩૩. કરાર પૂર્ણ થાય તે પહેલાં પરિસર ખાલી કરવા માટે ૧ મહિનાની અગાઉથી નોટિસ આપવી પડશે અને ૧ મહિનાની ફી અગાઉથી જમા કરાવવી પડશે.

૩૪. કારાર પૂરો થતાં જ નાઝીરને શાંતિપૂર્ણ કબ્જો સોંપવાનો રહેશે.

૩૫. ફર્નિચર કે મિલ્કતને નુકસાન થશે તો તેની વસૂલાત સિકયોરીટી ડિપોઝિટમાંથી કરવામા આવશે.

૩૬. પરિસર ખાલી કરતા પહેલા તમામ બાકી લેણાં ચુકવવાના રહેશે. કરારના ડ્રાફટીંગ અને સ્ટેમ્પ ડયુટીનો ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

૩૭. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ,સાબરકાંઠા હિંમતનગર/કેન્ટીન સમિતિને શરતોમાં સુધારો કે ફેરફાર કે ઉમેરો કરવાનો તમામ અધિકાર રહેશે.

૩૮. કોઈપણ વિવાદની સ્થિતિમાં જીલ્લા અદાલત,સાબરકાંઠાનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

મેનુની કામચલાઉ યાદી/પીરસવામાં આવનારી ખાદ્ય ચીજો/ કેન્ટીનમાં પૂરી પાડવામાં આવતી ખાદ્યચીજ વસ્તુ
(કોન્ટ્રાકટ/બિડર/એજન્સી દ્વારા ભરવાની રહેશે.)

**Tentative List of Menu/food items to be served/provided in canteen (to be filled by the contractor/bidder/agency)**

## વાનગીઓનું સંભવિત પત્રક :-

| ક્રમ | વાનગી નામ /ખાદ્ય ચીજો વસ્તુઓ | જથ્થો | દર/ભાવ (inc. all taxes) |
|---|---|---|---|
| 1 | ચા | | |
| 2 | કોફી | | |
| 3 | બટાટા પૌઆ | | |
| 4 | સમોસા (મોટા) | | |
| 5 | સમોસા(નાના) | | |
| 6 | મિકસ ભજીયા | | |
| 7 | બટાટા વડા | | |
| 8 | મેથીના ગોટા | | |
| 9 | દાળવડા | | |
| 10 | ખમણ | | |
| 11 | ઢોકળા | | |
| 12 | પાપડી | | |
| 13 | પુરી-શાક | | |
| 14 | દહીં | | |
| 15 | છાશ | | |
| 16 | લસ્સી | | |
| 17 | સ્ટાન્ડર્ડ કંપનીની પ્રોડકટ્સ કોલ્ડ ડ્રિંક્સ/મિનરલ વોટર,વેફર્સ,બિસ્કિટ,ચોકલેટ વગેરે | -- | as per MRP મુજબ |

નોંધ:-

૧. કોન્ટ્રાકટરે માત્ર તે જ વસ્તુઓના જથ્થા અને દર ભરવાના રહેશે જે તેઓ કેન્ટીનમાં આપવા માંગતા હોય.

૨. કોન્ટ્રાકટરે સ્ટાફ સભ્યો,વકિલો અને અધિકારીઓને તેમની સીટ અથવા કેબિન/ઓફિસ સુધી ચા/કોફી પહોંચાડવાની જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

# :: બાંહેધરી ::

મે/અમે આ ટેન્ડરની તમામ શરતો અને નિયમો વાંચ્યા છે અને સમજ્યા છે અને હું/અમે તેની સાથે સંમત છીએ. આના સ્વીકારરૂપે મેં/અમે સંપૂર્ણ હોશ-હવાશમાં અને કોઈ પણ દબાણ વિના સ્વેચ્છાએ આ ટેન્ડર દસ્તાવેજના દરેક પેજ (પૃષ્ઠ)ના તળિયે સહી કરેલ છે.

કરારનામાની ઉલ્લેખિત તમામ બોલીઓ અને કામગીરી શરતો મેં/અમે વાંચી છે તે હું/અમે બરાબર સમજ્યા છીએ. ઉપર ભાવપત્રકમાં નિર્દીષ્ટ પ્રવૃતિ-કામગીરીની વિગતો અને કામની પધ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પધ્ધતિનો કોઈપણ વાંધો વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વિકાર કરૂં છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

અમારી એજન્સી/પેઢી/કંપનીને સરકારશ્રીએ કે અન્ય સંસ્થાએ બ્લેક લીસ્ટ કે નાદાર જાહેર કરેલ નથી.હું /અમે આ કામગીરી (જો અમને સોંપવામાં આવશે તો)અન્ય કોઈ કંપની/એજન્સી/પેઢીને સબ-લેટ(પેટા કોન્ટ્રાકટ) આપીશું નહી/કરીશું નહી.

આ બિડ/ટેન્ડર સાથે સબમીટ કરેલી માહિતી/દસ્તાવેજો સાચા અને અધિકૃત છે.આ બિડ/ટેન્ડર સબમિટ કરતી વખતે મારી/અમારી કંપની/પેઢી/....................................(કંપની/પેઢી/બિડરનું નામ) સામે કોઈ ફોજદારી કેસ પેન્ડીંગ નથી કે કોઈ ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા નથી.

હું/અમે એ હકિકતથી સારી રીતે વાકેફ છીએ કે કોઈ પણ ખોટી માહિતી/બનાવટી દસ્તાવેજો રજુ કરવાથી કોઈપણ તબકકે મારૂ/અમારું ટેન્ડર રદ થઈ શકે છે, ઉપરાંત યોગ્ય કાયદા હેઠળ કાનુની કાર્યવાહી માટે અમારી એજન્સી/અમો જવાબદાર ઠરીશું.

સ્થળ:-
તારીખ:-
ટેન્ડર ભરનારનું નામ:-

ટેન્ડર ભરનારની સહી.....................
સીકકો
એજન્સીનું નામ.